GJSK030000812018

દાખલ તારીખ : ૨૯–૦૧–૨૦૧૮
રજીસ્ટર તારીખ : ૨૯–૦૧–૨૦૧૮
ફેસલ તારીખ : ૨૨–૦૬–૨૦૨૬
અવધિ : ૮–વર્ષ ૪–માસ ૨૪–દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,મુકામ – પ્રાંતિજ**

**ફોજદારી કેસ નં.૬૪/૨૦૧૮**

**આંક :**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : (૧) નરેન્દ્ર સ/ઓ કરણસિંહ હિરાલાલ હરીજન (ચમાર)
(૨) સમુન્દર સ/ઓ હવાસીંગ સુરતસીંગ હરીજન (ચમાર)
(૩) ઈન્દ્રજીત સ/ઓ રામકુમાર મણીગારકુમાર (પ્રજાપતી)
આરોપી નં.૧ અને ૨ રહે.ચરખી (દાદરી) વોટર વર્કસ ની સામે તા.જી.ચરખી(હરીયાણા),નં.૩ રહે.ફતેહગઢ બસ સ્ટેન્ડની બાજુમાં તા.જી.ચરખી દાદરી, હરીયાણા

**ગુન્હો : ધી પ્રોહી. કલમ– ૬૫ ઈ, ૧૧૬(બી),૯૮(૨) મુજબ.**

---

ફરીયાદપક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી એ.જે.પટેલ.
આરોપી તરફે વિ.વ.શ્રી

---

**-: ઠરાવ :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આરોપી નં .૧,૨ નાઓએ આરોપી નં.૩ ની માલીકીની ટ્રક નં.એચ.આર.૫૬ એ ૫૮૫૩ માં નાશતા ફરતા આરોપી નં.૧ અને ૨ નાઓએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી માર્કાની ૭૫૦ એમ.એલ. કાચની કંપની શીલબંધ બોટલ નંગ-૯૬૦૦ કિં .રૂા.૨૮,૮૦,૦૦૦/-નો ભરાવી આપના કો. નં.૧માં જણાવેલ આ. નં.૧,૨ નાઓ પ્રોહી પ્રતિબંધીત વિસ્તારમાં વહન કરી લઈ જતા તા.૨૯/૧૧/૧૭ ના કલાક-૨૧/૩૦ થી તા.૩૦/૧૧/૧૭ ના કલાક - ૦૦/૧૫ વાગે મોજે-કમાલપુર ગામની સીમમાં આવેલ નેશનલ હાઈવે રોડ નં.૮ પંચરત્ન હોટલ નજીક રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કીની બોટલ નંગ - ૯૬૦૦ કિં.૨૮,૮૦,૦૦૦/- તથા આ. નં.૧ ની અંગ ઝડતી દરમ્યાન કિ.રૂ. ૧૪,૦૦૦/- રોકડા તથા સેમસંગ નીનો મોબાઈલ નંગ-૧ કિ.૬૦૦ /- તથા ટ્રકની કિં.૧૦,૦૦,૦૦૦/- મળી કુલ મુદામાલ કિં.રૂા.૩૮,૮૨, ૦૦૦/- ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૩નો તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુનો કરી પ્રોહી. એકટની કલમ-૬૫ ઈ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુના ની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આરોપીઓ સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમ ક્રિ.પ્રો. કો. કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક–૮ થી આંક–૧૦ સુધી આરોપીઓનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપી ઓ સામે વાંરવાર વોરંટ કાઢવા છતા વોરંટો બજતા ન હોય તેમજ આરોપી હાજર રહેતા ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ ના સરકયુલર નંબર સી. ૨૬૧૮/૧૬ તા.૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી. આર. પી. સી. કલમ – ૨૯૯ (૧) અન્વયે આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક /દસ્તાવેજી પુરાવો :–**

(૧) આંક : ૩૬ પંચ સાહેદ સુરેશજી વજાજી મકવાણાની જુબાની

(૨) આંક : ૩૭ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૩) આંક : ૩૮ પંચ સાહેદ આશીષકુમાર રાજુભાઈ પટેલની જુબાની

(૪) આંક : ૩૯ સાહેદ વિક્રમસિંહ રૂમાલસિંહની જુબાની

(૫) આંક : ૪૦ સાહેદ મીતલકુમાર બંસીભાઈ ગજજરની જુબાની

(૬) આંક : ૪૨ સાહેદ દિપકસિંહ જગતસિંહની જુબાની

(૭) આંક : ૪૩ સાહેદ સંજયસિંહ કેશરીસિંહની જુબાની

(૮) આંક : ૪૪ ત.ક.અ. વનરાજસિંહ રઘુવીરસિંહ ચાવડાની જુબાની

(૯) આંક : ૪૫ ફરીયાદ

(૧૦) આંક : ૪૬ સતા અંગેનું પ્રમાણપત્ર

(૧૧) આંક : ૪૭ શપથપત્ર

(૧૨) આંક : ૪૮ ફરીયાદી જયેશકુમાર માનસુંગભાઈ પરમાની જુબાની

(૪) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીઓ હાજર રહેતો ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નંબર સી.૨૬૧૮/૧૬ તા. ૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી. આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે આગળ ચલાવવામાં આવેલ હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ફરીયાદ પક્ષ તરફે સ્પે.પી.પી.શ્રી દ્વારા તેમની રજુઆતમાં પંચોની રૂબરૂમાં વિદેશી દારૂ મળી આવેલ છે તેમજ હાલના ગુનાના કામે આરોપી દ્વારા મોટા પ્રમાણમાં પરપ્રાંતીય પ્રોહી. મુદ્દામાલ લાવી ગુનો કરેલ હોય ત્યારે ગુના અંગેની ગંભીરતા તથા સજાની જોગવાઈ વંચાણે લેતા આરોપીને યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૬) આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા નં. (૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧,૨ નાઓએ કો. નં.૧ માં જણાવેલ આરોપી નં.૩ ની માલીકીની ટ્રક નં. એચ. આર.૫૬ એ ૫૮૫૩ માં નાશતા ફરતા નાઓએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી માર્કાની ૭૫૦ એમ .એલ. કાચની કંપની શીલબંધ બોટલ નંગ–૯૬૦૦ કિં .રૂા.૨૮,૮૦,૦૦૦/–નો ભરાવી આપના કો. નં.૧માં જણાવેલ આ.નં.૧,૨નાઓ પ્રોહી પ્રતિબંધીત

વિસ્તારમાં વહન કરી લઈ જતા તા.૨૯/૧૧/૧૭ ના કલાક–૨૧/૩૦ થી તા.૩૦/૧૧/૧૭ ના કલાક – ૦૦/૧૫ વાગે મોજે–કમાલપુર ગામની સીમમાં આવેલ નેશનલ હાઈવે રોડ નં.૮ પંચરત્ન હોટલ નજીક રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કીની બોટલ નંગ–૯૬૦૦ કિં. ૨૮, ૮૦,૦૦૦/– તથા આ. નં.૧ ની અંગ ઝડતી દરમ્યાન કિ.રૂ.૧૪,૦૦૦/– રોકડા તથા સેમસંગનો મોબાઈલ નંગ–૧ કિ.૬૦૦/– તથા ટ્રકની કિં.૧૦,૦૦, ૦૦૦ / – મળી કુલ મુદામાલ કિં.રૂા.૩૮,૮૨,૦૦૦/– ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા કો. નં.૧ માં જણાવેલ આરોપી નં.૩નો તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫ ઈ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. (૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ આપું છું :–

મુદ્દા નં. (૧) નકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ...

**–: કારણો :–**

**મુદ્દા નંબર–૧ તથા મુદ્દા નં.૨ :–**

(૮) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસેલ સાહેદી પુરાવો જોતાં આંક–૩૬ તથા આંક–૩૮ થી તપાસેલ ગુનાવાળી જગ્યાના

પંચ સાહેદે આંક–૩૭ થી રજુ કરેલ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવી પંચનામાની હકીકતો વિશે કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ હોય સદર પંચ સાહેદો ફરી ગયેલા સાહેદો જાહેર થયેલ છે. જેથી સદર પંચ સાહેદોની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી નથી.

(૯) આ કામે આંક–૩૯ થી સાહેદ વિક્રમસિંહ રૂમાલસિંહ તથા આંક– ૪૦ થી સાહેદ મીતલકુમાર બંસીભાઈ ગજજર તથા આંક–૪૨ થી સાહેદ દિપક સિંહ જગતસિંહ તથા આંક–૪૩ થી સાહેદ સંજયસિંહ કેશરીસિંહ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે, તેઓ સને ૨૦૧૭ પ્રાંતિજ પો.સ્ટે ખાતે ફરજ બજાવતો હતા તે દરમ્યાન તા.૨૯/૧૧/૨૦૧૭ ના રોજ અમારા પી.આઈ. વી.આર.ચાવડાનાઓને અમારા એસ.પી.સાહેબ તરફ થી સુચના/ બાતમી હકીકત મળેલ તે આધારે વાહન ચેકિંગમાં તેઓની સાથે પી.એસ.આઈ. જે.એમ.પરમાર પોલીસ સ્ટાફના બીજા કર્મચારીઓ પણ વૉચ માં હતા. તે પૈકી કેટલાક કર્મચારીઓ વાહન ચેકિંગ દરમિયાન તિરૂપતી હોટલ સલાલ પાસે તથા કેટલાક કર્મચારીઓ હાઈવે ત્રણ રસ્તા તથા પી.આઈ. ચાવડા સાહેબ તથા કેટલાક કર્મચારીઓ પંચરત્ન હોટલ કમાલપુર પાસે ચેકિંગ માં ઉભા હતા તે દરમિયાન રાત્રે આશરે ૨૧:૦૦ કલાકે બાતમીવાળી ટ્રક આવતી દેખાયેલ જેથી તે ટ્રકને રોકી જોતાં તેનો નં. એચ આર ૫૬ એ ૫૮૫૩ ની હતી. સદર ટ્રકના ચાલકને નીચે ઉતારી પંચો આશિષ રાજુભાઈ પટેલ તથા સુરેશજી વજાજી મકવાણા રૂબરૂ નામઠામ પુછતાં તેને તેનું નામ નરેન્દ્ર કર્ણસિંહ હિરાલાલ હરીજન રહે. ચરખી (દાદરી), હરીયાણા તથા તેની બાજુમાં બેઠેલ ઈસમે તેનું નામ સમુન્દર હવાસિંહ રહે. ચરખી (દાદરી), હરીયાણા હોવાનું જણાવેલું અને ટ્રકના ચાલકને ટ્રકમાં શુ ભરેલ છે તે બાબતે પુછતાં તેમાં લાકડાના વેરના કટ્ટ ભરેલ હોવાનું જણાવેલ.

જેથી શક જતાં ટ્રક ઉપર બાંધેલ તાડપત્રી ખોલી જતાં તેની અંદર પ્લાસ્ટિકની કોથળીઓમાં લાકડાનો વેર જણાયેલ અને તે કોથળીઓ હટાવી તેની નીચે સફેદ પૂઠાંના બોક્ષ જણાતાં તે પૈકી એક બોક્ષ ખોલી જોતાં તેમાં વાદળી કલરના બોક્ષ જણાતા તે બહાર કાઢી જોતાં વિદેશી દારૂની બોટલ હોવાન જણાતાં ટ્રકના ચાલક પાસે વિદેશી દારૂ રાખવા બદલ પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ અને હાઈવે રોડ નજીક હોય ટ્રકમાં રહેલ વિદેશી દારૂ નીચે ઉતારી ગણવો હિતાવહ ન જણાતા સદર ટ્રકમાં એક પોલીસ કર્મી તથા એક પંચને બેસાડી પો.સ્ટે. લાવેલ અને લાઈટના અજવાળે ટ્રકમાં ભરેલ વ્હેરની પ્લાસ્ટિકની કોથળીઓ નીચે ઉતારી તેની નીચે સફેદ પૂઠાંના બોક્ષ ગોઠવેલ હતા જે એક પછી એક નીચે ઉતારી ગણી જોતાં કુલ ૮૦૦/- બોક્ષ હતા. જે બોક્ષ રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી લખેલ કાચની સીલબંધ બોટલ ૭૫૦/- મી.લી. ની એક બોક્ષમાં ૧૨ નંગ મુજબ કુલ ૯૬૦૦/- બોટલ મળી આવેલી જેની એક બોટલની કિ.રૂા. ૩૦૦/- લેખે ૯૬૦૦/- બોટલની કિ.રૂા. ૨૮,૮૦,૦૦૦/- ની ગણી તેમજ ચાલકની અંગ ઝડતી દરમિયાન મળી આવેલ રૂા. ૧૪૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ રૂા. ૬૦૦/- નો તથા ટ્રક ની કિ.રૂા.૧૦,૦૦,૦૦૦/- ગણી કુલ અંકે રૂા. ૩૮, ૮૨,૦૦૦/- ગણી અને તે પૈકી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી સારુ અલગ કાઢી આ અંગેનુ વિગતવારનુ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ. લાકડાનો વ્હેર બીનઉપયોગી હોય તેનો નાશ કરવામાં આવેલ. સદર બાબતેની ફરીયાદ અમારા પી.એસ.આઈ. જે.એમ.પરમારનાઓએ પ્રાંતિજ પો.સ્ટે.માં પી.આઈ.વી.આર.ચાવડા સાહેબ રૂબરૂ આપેલી. આ ગુનાની તપાસ પી.આઈ. વી.આર.ચાવડા સાહેબે સંભાળેલ. તેઓએ તેમનો જવાબ લીધેલો. તેમજ આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે.

(૧૦) આ કામે આંક–૪૪ થી ત.ક.અ. વનરાજસિંહ રઘુવીરસિંહ ચાવડા ના ઓ એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૭ માં અમો પ્રાંતિજ પો.સ્ટે. મુકામે પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે, ટ્રક નં. એચ આર ૫૬ એ ૫૮૫૩ નો ચાલક પોતાના કબજાની ટ્રકમાં વિદેશી દારૂ લઈ હિંમતનગર તરફથી પ્રાંતિજ તરફ આવે છે જે હકીકત આધારે બે પંચો બોલાવેલ અને તેઓને હકીકતથી વાકેફ કરી અ.પો.કો. વિક્રમસિંહ રૂમાલસિંહ તેથા સંજયસિંહ કેશરીસિંહનાઓને તીરૂપતિ હોટલ સલાલ હાઈવે રોડ નજીક હિંમતનગર થી પ્રાંતિજ આવતા રોડ ઉપર બાતમીવાળી ટ્રકની વોચમાં રહેવા સુચના આપેલ અને તે આધારે તેઓ ત્યાં ગયેલ ત્યારબાદ અમો તેમજ અમારા સ્ટાફના માણસો હાઈવે ત્રણ રસ્તા તેમજ પંચરત્ન હોટલ ખાતે વોચમાં ગોઠવાયેલ હતા તે દરમિયાન ઉપરોકત બાતમીવાળી ટ્રક આવતાં પંચરત્ન હોટલ ખાતે ઉપરોકત બાતમીવાળી ટ્રક આવી પહોચતા તેને રોકાવી અને તેને સાઈડમાં કરાવી બેટરીના અજવારે સદરી ટ્રકના આગળના ભાગે નંબર પ્લેટ જોતાં આર.ટી.ઓ.. રજી. નં. એચ આર ૫૬ એ ૫૮૫૩ નો અંગ્રેજીમાં અને પાછળની બાજુ હિંદીમાં લખેલ હતો અને ટ્રકમાં બેસેલ બે ઈસમોને નીચે ઉતારી પંચો રૂબરૂ પુછપરછ કરતાં ટ્રકના ચાલકનુ નામ– નરેન્દ્ર સ/ઓ કનસી હિરાલાલ હરીજન (ચમાર) રહે. ચરખી, દાદરી અને બીજા ઈસમનુ નામ પુછતા સમુન્દર સ/ઓ હવાસિંહ સુરતસિંહ રહે. ચરખી, દાદરી હોવાનુ જણાવેલ અને તેને ટ્રકમાં શુ ભરેલ હોવા બાબતે પુછતા જણાવેલ કે, લાકડાનો વ્હેરના કટ્ટા ભરેલ હોવાનુ જણાવેલ સદરહુ કટ્ટા હટાવીને બેટરીના અજવારે જોતાં પ્લાસ્ટિકની કોથળીઓ ભરેલ હતી જે પૈકી એક કોથળીમાં તપાસ કરતા લાકડાનો વ્હેર ભરેલાનુ જણાયેલ અને બીજી

કોથળી હટાવી જોતાં સફેદ પુંઠાના બોકસ જણાતા જે પૈકી એક બોકસ ખોલી જોતાં તેમાંથી વાદળી કલરના બોકસ મળી આવેલ જેને ખોલતા વિદેશી દારૂની બોટલો હોવાનુ જણાયેલ જેથી આ બાબતે ચાલક પાસે પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાયેલ. આ જગ્યા જાહેર જગ્યા હોય અને ત્યાં મુદ્દામાલ નીચે ઉતારી ગણવો હિતાવહ ન હોય જેથી ટ્રકની અંદર પોલીસકર્મી તથા પંચોને બેસાડી સદર ટ્રક અને તેના ચાલક વિગેરેને પો.સ્ટે. કંપાઉન્ડમાં લાવેલ અને ત્યાં લાઈટના અજવાળે મુદ્દામાલ નીચે ઉતારી ગણી જોતાં કુલ ૮૦૦/– બોક્ષ હતા. જેમાંથી એક બોકસ ખોલી જોતાં વાદળી કલરના ૧૨ બોકસ હતા જેમાંથી એક બોકસ કાઢી બેટરીના અજવાળે જોતાં રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી લખેલ કાચની સીલબંધ બોટલ ૭૫૦/– મી.લી. ની એક બોક્ષમાં ૧૨ નંગ મુજબ કુલ ૯૬૦૦/– બોટલ મળી આવેલી જેની એક બોટલની કિ.રૂા. ૩૦૦/– લેખે ૯૬૦૦/– બોટલની કિ.રૂા. ૨૮,૮૦,૦૦૦/– ની ગણી તેમજ ચાલકની અંગ ઝડતી દરમિયાન મળી આવેલ રૂા. ૧૪૦૦/– તથા સેમસંગ કંપનીનો મોબાઈલ રૂા. ૬૦૦/– નો તથા ટ્રક ની કિ. રૂા.૧૦,૦૦,૦૦૦/– ગણી કુલ અંકે રૂા. ૩૮,૮૨,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે લીધેલ અને તે પૈકી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી સારુ અલગ કાઢી તેની ઉપર પંચોની તથા મારી સહી કરી સ્લીપ મુકી સીલ કરેલ તેમજ આ અંગેનુ વિગતવારનુ પંચનામુ તા. ૨૯/૧૧/૨૦૧૭ ના કલાક ૨૧:૩૦ થી કલાક ૦૦: ૧૫ સુધીનુ કરેલ અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી કરેલી જે પંચનામુ તા. આંક–૩૭ થી રજુ થયેલ છે તેમાં પં ચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. તેમજ લાકડાનો વ્હેર બીનઉપયોગી હોય તેનો નાશ કરેલ અને આ બાબતેની ફરીયાદ અમારા પો.સ્ટે.ના પી.એસ.આઈ. જે.એમ.પરમારનાઓએ પ્રાંતિજ પો.સ્ટે. માં અમારી

રૂબરૂ આપેલ જે પ્રાંતિજ પો.સ્ટે. પાર્ટ સી ગુ.રજી.નં. ૫૧૩૯/૧૭ પ્રોહી. કલમ– ૬૫ ઈ, ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુનો નોંધી આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ. આ કામની અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે જે મારી રૂબરૂ અમારી પી.એસ.આઈ. જે.એમ.પરમારનાઓએ આપેલ તે જ છે તેમાં તેઓએ મારી રૂબરૂ આ કામના બનાવની વિગતવારની ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેઓની ફરીયાદી તરીકે સહી છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને પુરાવામાં રજુ દાખલ આં ક–૭૫ આપવામાં આવે છે. આ કામના આરોપીઓને અટક કરેલ અને રીમાન્ડ મેળવેલ અને તે દરમિયાન પુછપરછ કરેલ અને રીમાન્ડ પુર્ણ થતા નામ. કોર્ટમાં રજુ કરેલ ત્યારબાદ આગળની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ. તપાસણી માટે યાદી સાથે મોકલી આપેલ જે યાદીની સ્થળપ્ર ત આ કામે રજુ કરુ છુ જેમાં મારી તથા સત્તાપ્રમાણપત્ર આપનાર અમારા વિભાગીય પોલીસ અધિકારીની સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ આંક–૭૬ આપવામાં આવે છે. ત્યારબાદ આ કામના ટ્રક માલીકની સંડોવણી હોવાનુ જણાતા તેની પુછપરછ કરેલી અને તપાસ દરમિયાન ગાડી માલીકની તપાસ માટે અમારા પી.એસ.આઈ. જે.એમ.પરમારનાઓને મોકલેલ અને તેઓએ ગાડી અંગે અને તેને લગત પેપર્સ મેળવેલ જે આવી રજુ કરતાં તપાસમાં સામેલ રાખેલ તે ગાડીના પેપર્સ કુલ પાના નંગ– ૨ રજુ કરુ છુ. જેને પુરાવામાં સંયુકત રજુ દાખલ આંક–૭૭ આપવામાં આવે છે. તપાસ દરમિયાન જે મુદ્દામાલ ઈગ્લીશ દારૂ કબજે લીધેલ તે અંગની વિગતવાર તપાસ કરતાં તેમાં બેંચ નંબર કે બીજી કોઈ વિગતો ન હોવાથી તે બાબતે તપાસ થઈ શકેલ નહી. આ બાબતે ડ્રાઈવર, કંડકટર અને માલીકની તપાસ દરમિયાન

વિગતવારની પુછપરછ કરેલ પણ તેઓએ આ બાબતે ફળદાયી હકીકત જણાવેલ નહતી. આ બાબતે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય અમોએ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીઓને હું ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં નથી.

(૧૧) આ કામે આંક–૪૮ થી ફરીયાદી જયેશકુમાર માનસુંગભાઈ પરમારનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે, સને ૨૦૧૭ માં પ્રાંતિજ પો.સ્ટે. મુકામે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા. ૨૯/૧૧/૨૦૧૭ ના રોજ અમારા પી.આઈ. વી.આર.ચાવડા સાહેબને ખાનગી રાહે બાતમી મળેલ કે, ટ્રક નં. એચ આર ૫૬ એ ૫૮૫૩ નો ચાલક પોતાના કબજાની ટ્રકમાં વિદેશી દારૂ લઈ હિંમતનગર તરફથી પ્રાંતિજ તરફ આવે છે જે હકીકત આધારે બે પંચો બોલાવેલ અને તેઓને હકીકતથી વાકેફ કરી અ.પો.કો. વિક્રમસિંહ રૂમાલસિંહ તેથા સંજયસિંહ કેશરીસિંહનાઓને તીરૂપતિ હોટલ સલાલ હાઈવે રોડ નજીક હિંમતનગર થી પ્રાંતિજ આવતા રોડ ઉપર બાતમીવાળી ટ્રકની વોચમાં રહેવા તેઓએ સુચના આપેલ અને તે આધારે તેઓ ત્યાં ગયેલ ત્યારબાદ અમો તેમજ અમારા સ્ટાફના માણસો હાઈવે ત્રણ રસ્તા તેમજ પંચરત્ન હોટલ ખાતે વોચમાં ગોઠવાયેલ હતા તે દરમિયાન ઉપરોકત બાતમીવાળી ટ્રક આવતાં પંચરત્ન હોટલ ખાતે ઉપરોકત બાતમીવાળી ટ્રક આવી પહોચતા તેને રોકાવી અને તેને સાઈડમાં કરાવી બેટરીના અજવારે સદરી ટ્રકના આગળના ભાગે નંબર પ્લેટ જોતાં આર.ટી.ઓ.. રજી. નં. એચ આર ૫૬ એ ૫૮૫૩ નો અંગ્રેજીમાં અને પાછળની બાજુ હિંદીમાં લખેલ હતો અને ટ્રકમાં બેસેલ બે ઈસમોને નીચે ઉતારી પંચો રૂબરૂ પુછપરછ કરતાં ટ્રકના ચાલકનુ નામ– નરેન્દ્ર સ/ઓ કનસી હિરાલાલ હરીજન (ચમાર) રહે. ચરખી, દાદરી અને બીજા ઈસમનુ નામ પુછતા સમુન્દર સ/ઓ હવાસિંહ સુરતસિંહ રહે. ચરખી, દાદરી હોવાનુ જણાવેલ અને તેને ટ્રકમાં શુ ભરેલ હોવા બાબતે પુછતા જણાવેલ કે, લાકડાનો વ્હેરના કટ્ટા ભરેલ હોવાનુ જણાવેલ સદરહુ કટ્ટા હટાવીને બેટરીના અજવારે જોતાં પ્લાસ્ટિકની કોથળીઓ ભરેલ હતી જે પૈકી એક

કોથળીમાં તપાસ કરતા લાકડાનો વ્હેર ભરેલાનુ જણાયેલ અને બીજી કોથળી હટાવી જોતાં સફેદ પુંઠાના બોકસ જણાતા જે પૈકી એક બોકસ ખોલી જોતાં તેમાંથી વાદળી કલરના બોકસ મળી આવેલ જેને ખોલતા વિદેશી દારૂની બોટલો હોવાનુ જણાયેલ જેથી આ બાબતે ચાલક પાસે પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાયેલ. આ જગ્યા જાહેર જગ્યા હોય અને ત્યાં મુદ્દામાલ નીચે ઉતારી ગણવો હિતાવહ ન હોય જેથી ટ્રકની અંદર પોલીસકર્મી તથા પંચોને બેસાડી સદર ટ્રક અને તેના ચાલક વિગેરેને પો.સ્ટે. કંપાઉન્ડમાં લાવેલ અને ત્યાં લાઈટના અજવાળે મુદ્દામાલ નીચે ઉતારી ગણી જોતાં કુલ ૮૦૦/- બોક્ષ હતા. જેમાંથી એક બોકસ ખોલી જોતાં વાદળી કલરના ૧૨ બોકસ હતા જેમાંથી એક બોકસ કાઢી બેટરીના અજવાળે જોતાં રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી લખેલ કાચની સીલબંધ બોટલ ૭૫૦/- મી.લી. ની એક બોક્ષમાં ૧૨ નંગ મુજબ કુલ ૯૬૦૦/- બોટલ મળી આવેલી જેની એક બોટલની કિ.રૂા. ૩૦૦/- લેખે ૯૬૦૦/- બોટલની કિ.રૂા. ૨૮,૮૦,૦૦૦/- ની ગણી તેમજ ચાલકની અંગ ઝડતી દરમિયાન મળી આવેલ રૂા. ૧૪૦૦/- તથા સ ેમસંગ કંપનીનો મોબાઈલ રૂા. ૬૦૦/- નો તથા ટ્રક ની કિ. રૂા. ૧૦,૦૦,૦૦૦/- ગણી કુલ અંકે રૂા. ૩૮,૮૨,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે લીધેલ અને તે પૈકી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી સારુ અલગ કાઢી તેની ઉપર પંચોની તથા મારી સહી કરી સ્લીપ મુકી સીલ કરેલ તેમજ આ અંગેનુ વિગતવારનુ પંચનામુ તા. ૨૯/૧૧/૨૦૧૭ ના કલાક ૨૧:૩૦ થી કલાક ૦૦: ૧ ૫ સુધીનુ કરેલ અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પી.આઈ.શ્રી. વી.આર.ચાવડાસાહેબે સહી કરેલી જે પંચનામુ આંક-૩૭ થી રજુ થયેલ છે તેમાં પં ચોની તથા રૂબરૂ તરીકે પી.આઈ.શ્રી. વી.આર.ચાવડાસાહેબની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. તેમજ લાકડાનો વ્હેર બીનઉપયોગી હોય તેનો નાશ કરેલ અને આ બાબતેની ફરીયાદ અમારા પો.સ્ટે. અમોએ અમારી પી.આઈ.શ્રી રૂબરૂ આપેલ. જે તા.૨૯/૧૧/૨૦૧૭ ના રોજની આંક-૪૫ વાળી ફરીયાદ મને બતાવવામાં આવે છે જે મારી ફરીયાદી તરીકે મારી અને પી.આઈ.શ્રી.

વી.આર.ચાવડાસાહેબની રૂબરૂની મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે. જે આજરોજ નામદાર કોર્ટમાં નથી.

ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: તારણો ::**

(૧૨) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતો ને નિ:શંકપણે પુરવાર કરવી પડે જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી, પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતું છે, પરંતુ જો ફરીયાદપક્ષના કેસની હકીકતો ઉપર વાજબી શંકા થાય તો તેનો લાભ બચાવપક્ષને મળે તેમ છે.

(૧૩) હાલના કેસના ન્યાયીક નિર્ણયો સારુ પ્રથમ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપૂર્ણ બની રહેશે.

(૧૩.૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં કે જે ૧૯૯૧ (૧) જીએલઆર ૪૩૩ થી પ્રસિધ્ધ

થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદપક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬(બી) અન્વયે દારૂના કબજા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

(૧૩.૨) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપીઓ પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદપક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી. આ કામે ત.ક.અમલદારની જુબાની જોવામાં આવે તો આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારુ મોકલેલ, પરંતુ સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઈ જવાબ લીધેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલો લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. વધુમાં આ કામે એફ.એસ.એલ. ના કોઈ કર્મચારી કે અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીઓના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

(૧૩.૩) આમ, ફરીયાદપક્ષે સૌ પ્રથમ એ હકીકત સાબિત કરવી પડે કે, કબજે કરવામાં આવેલ આક્ષેપિત મુદ્દામાલ દારૂની બોટલો ઉપર લાગેલ સીલ તથા

લેબલ તેમજ તેમાંની વિગત સાચા છે કે કેમ ? તે સદંર્ભે યોગ્ય તપાસ થવી જોઈએ. જો કે, હાલના કેસમાં તપાસ દરમ્યાન આક્ષેપિત બ્રાન્ડના ઉત્પાદક, વિક્રેતા કે કોઈ કર્મચારીના નિવેદનો લીધેલા નથી. આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ ખામીયુકત તપાસ ઉપરાંત સ્વતંત્ર સાહેદોની જુબાનીથી પણ ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૪) ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, આ કામે પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ હોવાનું જણાય છે, પરંતુ સદર પ્રોહી. મુદ્દામાલ આ કામના આરોપીઓ પાસેથી મળી આવેલ હોય તેવી હકીકત રજુ પુરાવાથી ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી તેમજ આ કામેના પંચ સાહેદો કે જેઓની હાજરીમાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે પંચ સાહેદોએ રજુ કરેલ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેમાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેમજ સદર પંચો ને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. વધુમાં આ કામે ત.ક.અમલદાર ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. જેથી ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતાં તેમજ પુરાવાના મુલ્યાંકન સમયે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવું જોઈએ તેમજ જયુરીસપ્રુડન્સના પાયાના સિઘ્ધાંત અનુસાર ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઈએ, જયારે આરોપીએ માત્ર બચાવ કરવાનો છે. સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવાને વંચાણે લેતાં આ કામના આરોપીઓએ તેઓની સામે ગુનો આચરેલ હોવા સબંધે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપી

ઓ સામેના ગુનાના તત્વો પુરવાર કરેલ ન હોય ત્યારે ફરીયાદ પક્ષે રજુ કરેલ માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપરથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ હાથ ઉપરના કેસમાં ગુનાવાળી જગ્યાના પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરુઘ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫ ઈ, ૮૧, ૯૮(૨),૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ઠરાવું છું.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૫૫ (૧) મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ ઈ, ૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબના ગુન્હામાંથી વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ વાહન તથા મોબાઈલનો અગાઉ વચગાળા નો જો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે, અને જો અગાઉ હુકમ કરેલ ન હોય તો મુદ્દામાલ વાહન તથા મોબાઈલ અન્વયે યોગ્ય માલીકીની ખરાઈ કરી અપીલ સમય પુરો થયા બાદ તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.વધુમાં અપીલ સમય પુરો થયા બાદ પણ જો પરત લેવા અંગે કોઈ અરજી કરવામાં ન આવે તો સદર મુદામાલની નિયમ અનુસાર જાહેર હરાજી કરી ઉપજના નાણા શ્રી સરકાર ખાતે જમાં કરવાના રહેશે.

(૪) આરોપીઓના ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ)ની જોગવાઈ મુજબ છ માસ માટે જામીન લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૨/૦૬ /૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**( સ્નેહલ મૃદુલભાઈ શુકલ )**
એડી. ચીફ જ્યુડી. મેજી., પ્રાંતિજ.
(જજ કોડ–જીજે૦૧૩૮૩)

//S.C.P.//